dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

July - August 2015 | For private circulation only | Vol. 07 - Issue 157-158

જો તમે તમારા કામને સલામ કરો છો
તો બીજાને સલામ કરવાની જરૂર નથી.

**ડૉ. અબ્દુલ કલામ**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

"વો ભી શખ્સ થા જો ઈન્સાનિયત કી મિસાલ થા
ખુદા કા એક કલામ થા, કમાલ થા.

દરરોજ કેટલાક મિત્રો - મુરબ્બીઓ 'ગુડ મોર્નિંગ'ના મેસેજ પાઠવતા રહે છે. સામે હું ય પ્રેમનો પડઘો પાડતો હોઉ છું. પણ આજે હું એમ ન કરી શકયો. આજની મોર્નિંગ મારા માટે અને સમગ્ર ભારત વર્ષના નાગરિક માટે શુભ નથી. શિલોંગ IIM ખાતે એક કાર્યક્રમ દરમિયાન ડૉ. અબ્દુલ કલામ મંચ પર જ ઢળી ગયા અને જિંદગીના રંગમંચને અલવિદા કરી ગયા.

ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ, મહાન વિજ્ઞાની, યુવાનોના પ્રેરણા સ્ત્રોત, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ અને ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ. તાલીમનાડુના નાનકડા ગામ રામેશ્વરમ્ ટાપુનગરમાં ૧૫ ઓકટોબર, ૧૯૩૧ના દિવસે અત્યંત ગરીબ કુટુંબમાં જન્મેલા અને અભાવોની વચ્ચે ઉછરેલા - ફાનસના અજવાળે ભણેલા આ ફરિશ્તાએ વિશ્વના નકશા પર ભારત રાષ્ટ્રને પ્રકાશિત કર્યો. સામાન્ય વ્યક્તિ તરીકે જન્મ્યા અને વ્યકિત વિશેષ બન્યા. સંઘર્ષ કરીને સફળતાના શિખરે પહોંચ્યા. રાષ્ટ્રપતિના હોદ્દાને ગૌરવ અપાવ્યું.

અનેક પ્રસિધ્ધિ અને ખિતાબો મેળવ્યા પછી પણ નમ્રતાને કેવી રીતે અકબંધ રાખી શકાય તે જાણવું હોય તો ડૉ. કલામ સાહેબના જીવનને-રોજબરોજના જીવનને જોવું જાણવું પડે. એ માટે 'વીંગ્ઝ ઓફ ફાયર' ('અગનપંખ') પુસ્તક વાંચવું પડે.

પોતાના પ્રત્યેક શ્વાસ ભારતની માટીને સમર્પિત કરનાર ડૉ. કલામે રાષ્ટ્રના સર્વાંગી વિકાસ પર ભાર મૂકયો. આત્મવિશ્વાસ ઉપર સ્વનિર્ભરતા જ રાષ્ટ્રને વિકસિત બનાવશે તેવું તેમનું દ્રઢ મંતવ્ય હતું. ભારતીય વિજ્ઞાન ટેકનોલાજી ક્ષેત્રે ડૉ. કલામનું પ્રદાન સુવર્ણ અક્ષરે લખાયું છે.


ડૉ. કલામ સાહેબે યુવાનોને પ્રેરણા આપતાં કહ્યું હતું.

"સપને વો નહીં હોતે જો રાત મેં દેખે જાતે હૈ
સપને વો હોતે હૈ જો રાત મેં સોને નહીં દેતે."

શિક્ષણ વિશેનો તેમનો ખ્યાલ એ હતો કે શિક્ષણ લેનાર વ્યકિતમાંથી સર્જકતા પ્રગટવી જોઈએ. તેમણે કહ્યું હતું કે 'હું સિંહો જન્માવે એવી શિક્ષણ વ્યવસ્થા નથી ઈચ્છતો' કારણે સિંહો માનવભક્ષી છે.' ડૉ. કલામના આ વિચારો અત્યંત માર્મિક છે. આદર્શ વિદ્યાર્થીની વ્યાખ્યા આપતાં તેમણે કહ્યું હતું : "તે સદાચારી છે, તે આ સિધ્ધાંત અપનાવે છે અને અનુસરે છે. તે કુટુંબ, શાળા અને સમાજનો એક ઉત્તમ સભ્ય છે, તેનામાં પોતાનું ધ્યેય સિધ્ધ થાય ત્યાં સુધી કામ કરવાની ધીરજ હોય છે, અને તે માતા-પિતા, વડીલો અને શિક્ષકો પ્રત્યે સન્માન જાળવે છે." શિક્ષક વિશે તેઓ કહે છે : "શિક્ષકો કોઈ પણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે, એક સ્તંભ છે જેને કારણે દેશની બધી જ આકાંક્ષાઓ વાસ્તવમાં પરિવર્તિત થાય છે. શિક્ષકે શિક્ષણને ખૂબ ચાહવાનું છે. સાથે પોતાના વ્યવસાયને પ્રતિબદ્ધ રહેવાનું છે. શિક્ષકો તો આજીવન વિદ્યાર્થી હોવા જોઈએ. તેમણે પોતાના વિષયોની માત્ર સૈદ્ધાંતિક અને વ્યવહારુ વાતો જ નથી ભણાવવાની, પણ, સમાંતરે, તેમણે સમાજની સભ્યતાના વારસા તથા મૂલ્ય વ્યવસ્થાનો પણ નક્કર પાયો નાખવાનો છે. આધુનિક ટેકનોલોજીની સહાયથી શિક્ષકે વિદ્યાર્થીઓને જાતે શીખવાની તાલીમ આપી તૈયાર કરવાના છે."

"શિક્ષણમાં સૌથી મહત્વની બાબત હોય તો તે છે વિદ્યાર્થીઓમાં 'આપણે કરી શકીએ'નો પડકાર ઊભો કરવાની" એમ કહેનાર ડૉ. કલામ શિક્ષણ વિશે પોતાનો વિચાર આ શબ્દોમાં વ્યકત કરે છે : "શિક્ષણ તો જ્ઞાન અને પ્રબુદ્ધતામાંથી પસાર થતી એક અનંત યાત્રા છે. આવી યાત્રા માનવતાના વિકાસનાં નવાં દ્વાર ખોલે છે જયાં સંકુચિતતા, ક્ષુદ્રતા, વિસંવાદ, ઈર્ષ્યા, વેર કે દુશ્મનાવટ માટે નથી તક કે નથી અવકાશ. તે તો માનવીને સુગ્રથિત પૂર્ણ માનવમાં પરિવર્તિત કરી નાખે છે અને એક ઉમદા ચેતના બનાવે છે. તેને વિશ્વની એક કીમતી જણસ બનાવે છે. સાચું શિક્ષણ તો માનવીના ગૈરવને ઊંચાઈ અર્પે છે અને તેની સ્વ-પ્રતિષ્ઠા અને વૈશ્વિક ભાતૃત્વને સારી રીતે વધારે છે. ત્યારે જ આવા શિક્ષણનો પાયો દ્રઢ બને છે. અને છેલ્લે ડૉ. કલામ સાહેબના શબ્દો : "આપણે સૌ આપણામાં એક દૈવી અગ્નિ સાથે જન્મ્યા છીએ. આપણો પ્રયાસ આ અગ્નિને પાંખો આપવાનો હોવો જોઈએ."

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ



તા. ૩૧ ઓગષ્ટ, ૨૦૧૫

# યુનિવર્સિટી ન્યૂઝ

## Workshop




Dr Smruti Bulsari and Dr Minasree Saika attended a Gujarat CSR Summit on June 2, 2015 at BBA Auditorium, M S University of Baroda, Vadodara. The objective of this summit was to bring corporates, NGOs and academicians on a common platform and share their experiences. CSR professionals from GSFC, GRC; Gujarat CSR Authority (GCSRA: a Government of Gujarat Initiative), Gujarat Chamber of Commerce and Industry (GCCI)and NGOs working in and around Vadodara; and Head, Faculty of Social Work, M S University of Baroda shared their experiences. The sessions were interactive and insightful. This seminar was organized by Corporate Citizens, Vadodara and Shree Saraswati Sitaram Foundation, Vadodara

Dr Smruti Bulsari attended a Two-Day Workshop on Qualitative Data Analysis using Atlas.ti during June 11-12, 2015 at the Indian Institute of Public Health, Gandhinagar. The workshop was organized by IIPHG in Sardar Patel Institute of Social and Economic Research (SPISER), Ahmedabad. Dr Nakkeeran, Associate Professor, IIPHG conducted the sessions.

Atlas.ti is a software used for doing qualitative data analysis. Qualitative data is normally in the form of written text, audio / video recorded conversations, photographs, memos etc. It is not possible to do statistical analysis on this data. They require to be grouped, categorized and "theorized". Intensive training was given to use Atlas.ti by taking real-life cases. Practice sessions were also intensive. A small test was also taken to check the understanding of the use of Atlas.ti.

## Library Orientation



ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટના અધ્યક્ષી ડૉ. મધુસૂદન રાજ અને ડૉ. કિરણ પંડયાએ Integrated Course in Human Resource Development અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ



અને ગ્રંથપાલશ્રી સાથે Library Orientation ના ભાગરૂપે તા. ૨-૭-૧૫ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લઘી હતી. જેમાં મદદનીશ ગ્રંથપાલશ્રી બી.જે. અંકુચા, શ્રી એચ.વી. પટેલ અને પ્રો. જે.એમ. અગ્રવાલે યુનિવર્સિટી ગ્રંથાલયની વાચનસામગ્રી, તેની ગોઠવણી અને ઈ-રિસોર્સીસનો કઈ રીતે ઉપયોગ કરવો તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## વિશેષ વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે 'વિવેચનનો એક અભિગમઃ દલિત સાહિત્ય' વિષય ઉપર યુનિવર્સિટી ઓફ મુંબઈના ડૉ. રતિલાલ રોહિતના વકતવ્યનું આયોજન કરાયું. આ વ્યાખ્યાનમાં ગુજરાતી વિભાગના એમ.એ., એમ.ફિલ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકો ઉપસ્થિત રહયા હતા.

ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે આવકાર અને વકતાનો પરિચય આપતા જણાવ્યું હતું કે આજના વકતા મરાઠી અને ગુજરાતી ભાષામાં આંતરભાષાકિય કામગીરી કરી રહયા છે. તેમણે આંબેડકરવાદી સાહિત્યનું સંપદાન કર્યું છે.

દલિત સાહિત્ય અંગે વકતવ્ય આપતા ડૉ. રતિલાલ રોહિતે જણાવ્યું હતું કે દલિત સાહિત્યનું સર્જન આકાશી ઘટના નથી. આનંદના સાહિત્ય સામે વિષાદનું જગત હતું તેને સ્પષ્ટ કરવાનો પ્રયાસ છે. દલિત સાહિત્યમાં હિન્દુ સમાજની પરંપરા સામેનો વિદ્રોહ છે. આ સાહિત્યનું એ જ વિવેચન કરી શકે, જેણે આ વ્યવસ્થાને માણી હોય ભોગવી હોય. વધુમાં તેમણે જણાવ્યું કે જાતિ વ્યવસ્થા કુદરતી ઘટના નથી, વ્યકિત નિર્મિત વ્યવસ્થા છે. બહુસંખ્યક સમાજ જે સામાજિક શોષણનો ભોગ બન્યો છે, તેની પ્રસ્તુતી દલિત સાહિત્યમાં કરવામાં આવી છે. દલિત સાહિત્યનું વિવેચન કરવા માટે પરંપરાગત ઓજારો નહીં ચાલે. દલિત સાહિત્યનું સર્જન ચોકકસ વિચારધારાને કારણે થયું છે. શોષીતોના વિદ્રોહમાંથી થયું છે.

## S.A.P.

ગુજરાતી ડિપાર્ટમેન્ટને સ્પેશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ યોજના અંતર્ગત પ્રોજેકટને યુ.જી.સી.ની મંજૂરી.

હજી બે જ વર્ષ પહેલા આરંભ થયો છે એવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગે પોતાના બે વર્ષના સાતત્યભર્યા કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ, વ્યાખ્યાનમાળાઓ, ઉચ્ચ પરિણામોની પરંપરા સર્જી દીધી છે. વિભાગના કાર્યક્રમો દક્ષિણ ગુજરાત વિસ્તારમાં જ નહીં સમગ્ર ગુજરાત રાજયમાં આગવું સ્થાન જમાવવા લાગ્યા છે. એ ગુજરાતી વિભાગની યશકલગીમાં નવું છોગું ત્યારે ઉમેરાયું જયારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીએ સ્પેશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ (સેપ) યોજના અંતર્ગત વિભાગીય સંશોધન-ગુજરાતના ભગ્ન મંદિરોઃ સાહિત્ય, સમાજ(કલ્ચર) અને ઈતિહાસમાં - તથ્યોનો અભ્યાસ. વિષય પરની પ્રપોઝલ મંજૂર કરીને પ્રથમ તબકકામાં અડધા કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. આ સમગ્ર

પ્રોજેકટના પ્રમુખ સંશોધક અને કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. નરેશ શુકલ કામગીરી સંભાળશે. જયારે આ આખાય પ્રોજેકટને મંજૂર કરાવવામાં વિભાગના વડા ડૉ. જગદીશ ગૂર્જરે સક્રિય રસ લઈને યુ.જી.સી. સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું.

ઈસુની સદી પૂર્વે ત્રીજી ચોથી સદીથી આરંભીને અત્યાર સુધીમાં ગુજરાતની ધરતી પર સર્જાયેલા કાષ્ઠના ધર્મસ્થાનકોથી આરંભી પથ્થરોના સ્થાનકો ગુજરાતી પ્રજાના ચાલકબળ, ઉર્જા સ્ત્રોત અને પ્રેરક તરીકેની ભૂમિકામાં સક્રિય રહયાં છે. એમને ઈતિહાસના દસ્તાવેજો, લોકપરંપરામાં એમનું સ્થાન, એને કેન્દ્રમાં રાખતા ઉત્સવો, પરંપરાઓ, એનું વાસ્તુશાસ્ત્ર, એની રચનામાં રહેલી ભિન્નતા, પ્રતીકો, એના નાશ થવાના માનવસર્જિત કે કુદરતી કારણો- અને ખાસ તો હસ્તપ્રતોમાં કવિ-લેખકો દ્વારા લેવાયેલી એની નોંધ વિશે આ વ્યાપક સંશોધન આગામી પાંચ-વર્ષ દરમિયાન કરવામાં આવશે. દર વર્ષે એક સેમિનાર, ત્રણ દિવસીય વર્કશોપ અને સ્થળતપાસ, હસ્તપ્રતોનો અભ્યાસ- આ વિભાગના અધ્યાપકો અને ગુજરાતભરના તજજ્ઞનો દ્વારા કરવામાં આવશે.

આ પ્રોજેકટ દ્વારા દક્ષિણ ગુજરાત જ નહીં સમગ્ર ગુજરાત અને દેશ માટે પણ ઉપયોગી, અને સાચા અર્થમાં સત્ય ઉજાગર કરનારું સંશોધન હાથ ધરવામાં આવશે. એ પુસ્તકો રૂપે પ્રગટ પણ કરવામાં આવશે તેમ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે આનંદ વ્યકત કરવા સાથે પ્રેસને જણાવ્યું હતું.

## Ph.D.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એમ.એસસી. (આઈ.ટી.) પ્રોગ્રામમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી કમલેન્દુકુમાર એસ. પાંડે દ્વારા વિજ્ઞાન વિદ્યાશાખામાંથી Development of service oriented architecture for wireless sensor networks to improve the efficiency of controlled irrigation વિષય પર રજૂ કરેલ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી શ્ર.દ. ની પદવી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય તેમણે કોમ્પ્યુટર સાયન્સ ડીપાર્ટમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં ભુતપૂર્વ પ્રોફેસર ડૉ. એસ.વી. પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું છે. યુનિવર્સિટી પરિવાર અને જે.પી. દાવર ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી - એમ.એમસી (આઈ.ટી./આઈ.સી.ટી.) પરિવાર તેઓની આ સિધ્ધી બદલ હાર્દિક શુભકામના પાઠવે છે.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની કુ. ફાલ્ગુની પટેલે સી.ડી. બરફીવાલા કોમર્સ કોલેજ, સુરત ખાતે તા. ૬-૨-૧૫ના રોજ યોજાયેલ હળવું કંઠય સંગીત સ્પર્ધામાં ગીત સંગીત નૃત્યધારાના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. સ્પર્ધામાં કુ. ફાલ્ગુની દ્વિતિય ક્રમે વિજેતા જાહેર થઈ હતી. તદ્પરાંત સીડી બરફીવાલા કોમર્સ કોલેજ, સુરત ખાતે યેજાયેલ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં 'મહિલાઓનું પચાસ ટકા અનામત યોગ્ય છે ખરુ ? વિષય પર ધારદાર રજુઆત કરતાં શાહ એન.એચ. કોમર્સ કોલેજની વિદ્યાર્થીની કુ. સોનાલી પ્રજાપતિએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે. તા. ૫-૨-૧૫ના રોજ જી.આઈ.ડી.સી. રજ્જુ શ્રોફ રોફેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ, વાપી ખાતે યોજાયેલ આંતર કોલેજ 'એડ મેડ' શો સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. વિજેતા ટીમના સભ્યોમાં શ્રી મેહુલ બરૂડિયા, શ્રી ધ્રુવિત માકડિયા, શ્રી ધવલ દેસાઈ, શ્રી રીષભ પટેલ તથા કુ. અપર્ણા મિશ્રાએ સુંદર દેખાવ કરીને આ સ્પર્ધામાં શિલ્ડ તથા સર્ટિફિકેટ મેળવ્યા હતા.

અભિનવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બ.એડ્.માં તાલીમાર્થીઓની સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવા કોલેજના ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી. તાલીમાર્થીઓએ વૈવિધ્યપૂર્ણ ગીતો સાથે વર્ષા રાણીને વધાવી હતી. જેમાં પ્રથમ ક્રમે લાડ મિતાલી કે., દ્વિતીય ક્રમે ચૌધરી હેમા જે. વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રો. વિશ્વા દેસાઈએ ભજવી હતી. ઉદ્‌ઘોષિકા તરીકે પ્રા. ડૉ. મિનાક્ષી જરીવાલાએ સેવા આપી હતી. ભાગ લેનાર સર્વ તાલીમાર્થીઓને ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી, આચાર્યશ્રી દિલીપભાઈ પટેલ તથા પ્રાધ્યાપકગણે અભિનંદન પાઠવ્યા હતા.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ મહાવિદ્યાલયમાં સર્જનાત્મક ધારા અંતર્ગત 'બર્થ ડે કાર્ડ મેકિંગ' સ્પર્ધા તા. ૨૭-૬-૧૫, શનિવારના રોજ યોજાઈ હતી. આ સ્પર્ધામાં સૌ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભંડારી નિકી બી. પ્રથમ વિજેતા, આહિર પ્રિયંકા એસ. દ્વિતીય વિજેતા અને ફરહીનબેગમ સૈયદ, તૃતીય વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે સંસ્થાના લેબ કોર્ડિનેટર શ્રીમતિ ભાવિનીબેન પંચાલ અને પ્રાધ્યાપક શ્રીમતિ રોશનીબેન પટેલે સેવા આપી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન સંસ્થાના પ્રાધ્યાપક ડૉ. ગાયત્રીબેન પટેલ કર્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૧૧-૭-૧૪ને શનિવારના રોજ વિશ્વ વસ્તીદિન નિમિત્તે સામાજિક પ્રવૃત્તિના એક ભાગરૂપે વસ્તી નિયંત્રણ અંગે જનજાગૃતિ લાવવા રેલીનું આયોજન આચાર્યશ્રી ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિશ્વમાં વધી રહેલ વસ્તી અને તેને કારણે ઉદ્‌ભવેલ અનેક આર્થિક અને સામાજિક સમસ્યાઓ અંગે સમાજમાં જાગૃતિ આવે એવા શુભ આશયથી આ રેલી યોજવામાં આવી હતી. રેલી કોલેજ કેમ્પસથી રાજમાર્ગ પર કાઢવામાં આવી હતી. રેલીમાં કોલેજના તાલીમાર્થીઓએ વસ્તી નિયંત્રણના પોસ્ટરો લઈ વસ્તી નિયંત્રણના પોસ્ટરો લઈ વસ્તી નિયંત્રણ સંબંધો સૂત્રોચ્ચાર કર્યા હતા. કોલેજનાં સૌ અધ્યાપકોએ પણ જોડાઈને રેલીને સફળ બનાવી હતી. તાલીમાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિત જગાડવા તથા વર્ષાઋતુ નિમિત્તે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં વ્યકિતગતમાં ૨૪ અને સમૂહમાં ૭ તાલીમાર્થીઓએ ભાગ લીધો. જેમાં વ્યકિતગતમાં પ્રથમ ક્રમે ચૌધરી રોશનીબેન તથા સમુહમાં પ્રથમ ક્રમે ચૌધરી દર્શનાબેનનું ગૃપ વિજેતા રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની પટેલ આરતીબેને તથા આભારવિધિ ચૌધરી દિવ્યેશભાઈએ કરી હતી. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. કનુભાઈ સ્વાગીયા તથા પ્રા. પલ્લવીબેન પટેલે સેવા આપી હતી.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૨૫-૭-૧૫ના રોજ વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૦ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ મોદી ખુશબુ અને દ્વિતીય ક્રમ પટેલ આયુષીએ પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. રાવલ જયશ્રીબેને અને પટેલ શૈલેષભાઈએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન પ્રા. વૈદ્ય રેશ્માબેને કર્યું હતું. કોલેજ પરિવાર તમામ

તાલીમાર્થીઓને અભિનંદન પાઠવે છે.

૨૫ વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૫-૮-૧૫ના રોજ પુસ્તક સમીક્ષા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૦ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ આયુષી અને દ્વિતીય ક્રમ પટેલ કેલ્વિને પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. અરવિંદભાઈ વણકરે અને પ્રા. અસ્મિતાબેન ગજેરાએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાવીત હેમંતભાઈ અને પટેલ સેજલભાઈએ તેમજ આયોજન પ્રા. રેશ્માબેન વૈદ્યએ કર્યું હતું. કોલેજ પરિવાર વિજેતાઓને અભિનંદન પાઠવે છે.



શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા 'વુમન ડેવલપમેન્ટ સેલ'ના ઉપક્રમે સેલ કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી તા. ૩-૮-૧૫ના રોજ કોલેજમાં યોજાયેલ અરેબીક અને ટ્રેડીશનલ મ્હેંદી સ્પર્ધામાં કુલ ચોત્રીસ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. આરતી રાંકાએ સેવા પૂરી પાડી હતી. તેમણે વિદ્યાર્થિનીઓને અરેબીક અને ટ્રેડીશનલ મ્હેંદી વચ્ચેનો તફાવત સમજાવી આકર્ષક મ્હેંદી હાથમાં કેવી રીતે સજાવી શકાય તે અંગેની સમજ આપી હતી. ટ્રેડીશનલ મ્હેંદી સ્પર્ધામાં કુ. રિયા પટેલ પ્રથમ ક્રમે, કુ. વૈશાલી નાંઢા દ્વિતીય ક્રમે તથા કુ. પિનલ સંઘવી તથા કુ. સના વલી તૃતિય ક્રમે તેમજ અરેબીક મ્હેંદી સ્પર્ધામાં કુ. રિધ્ધિ વ્યાસ પ્રથમ ક્રમે, કુ. મોનાલી રાઠોડ દ્વિતીય ક્રમે તથા કુ. ભુમિ જોષી તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. તમામ વિજેતા કલાકારોને તથા ભાગ લેાાર સ્પર્ધકોને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે, કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે તથા સમગ્ર કોલેજ પરવારે અભિનંદન સહ શુભેચ્છા પાઠવ્યા હતા.

તા. ૫-૮-૧૫ના રોજ ગુજરાત સરકારશ્રી પ્રેરિત કોલેજની વિદ્યાર્થિનીઓ માટે 'સ્વબચાવ' (સેલ્ફ ડિફેન્સ) માટેના કાર્યક્રમ કોલેજમાં કાર્યરત વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. ઘરમાં કે ઘરની બહાર પોતાની સાથે કોઈ અનીચ્છનીય ઘટના ના ઘટે તે માટે 'પોતે શું કાળજી લેવી' ? અને 'કઈ રીતે સ્વબચાવ કરવો' ? તે માટે 'શું ટેકનીક વાપરવી' ? તેનું લાઈવ ડેમોસ્ટ્રેશન સાવજ ટીકવોન્ડો ટ્રેનિંગ સેન્ટર, બીલીમોરાના માસ્ટર પરેશ પટેલ અને એમના સાથી મિત્રએ સરસ રીતે પુરું પાડયું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હાજર વિદ્યાર્થીઓને પ્રવર્તમાન સમસ્યાથી માહિતગાર કરી આવી ટેકનીકો શીખવા પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું.

કોલેજની વિદ્યાર્થિનીઓ કુ. પૂનમ પાટીલ તથા કુ. શુભેચ્છા વડનેરેએ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે પ્રા. જે.બી શાહ પ્રેરિત આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અનેકવિધ કોલેજોના કુલ ચાલીસ સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લઈ સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડયું હતું. જેમાં કુ. પૂનમ પાટીલે ઉત્કૃષ્ટ દેખાવ કરતાં "સ્ત્રી સશકિતકરણ માટેની તાલીમ " વિષય પર પોતાનું વકતવ્ય આપી સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી ટ્રોફી તથા રૂ. ૨૦૧/- નું રોકડ ઈનામ તથા સર્ટીફિકેટ મેળવ્યા હતા. કોલેજને ગૌરવ અપાવનારી આ સિધ્ધી બદલ સંસ્થાના વડા પ્રિ. ડૉ. જે.એમ. નાયક, વાઈસ પ્રિન્સીપાલ પ્રા. ટી.જી. પટેલ તથા ડિબેટ કમિટી અધ્યક્ષ પ્રા. કે.સી. પટેલ સહ સમગ્ર કોલેજ પરિવારે કુ. પૂનમ પાટીલને અભિનંદન પાઠવ્યા હતાં.

કોલેજમાં અભ્યાસ દરમિયાન અકાળે અવસાન પામેલ સ્વ. પૂનમબેન પટેલની સ્મૃતિમાં વિદ્યાર્થીસંઘ દ્વારા દર વર્ષે યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં 'વિકાસ કે વિનાશ : આધાર છે પર્યાવરણ' વિષય પર બોલતા સ્પર્ધકોએ પર્યાવરણ સંરક્ષણ અને વિકાસ સંતુલન પર ભાર મૂકી મનનીય વકતવ્યો રજૂ કર્યા હતા. સ્પર્ધાની શરૂઆતમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્પર્ધાની વિગતો આપી વિદ્યાર્થી વિકાસમાં આવી સ્પર્ધાઓ અવશ્ય યોગદાન આપશે તેવો આશાવાદ વ્યકત કરી સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધાને અંતે કુ. રોણવેલીયા ફોરમ પ્રથમ ક્રમે, શ્રી કંટારિયા દેવાંગ દ્વિતીય ક્રમે અને કુ. પાટીલ પૂનમ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકો તરીકે સાર્વજનિક માધ્યમિક શાળાનાં શિક્ષકો શ્રી મહેન્દ્ર કાપડિયા અને શ્રી યોગેશ પટેલે સેવા આપી હતી. સ્પર્ધાનું સંચાલન કુ. ઝીલ દેસાઈએ તથા વ્યવસ્થા વાદ્ સમિતિના અધ્યક્ષ પ્રા. કે.સી. પટેલે સંભાળી હતી.

૨૫ તા. ૨૯.૭-૧૫, બુધવારના દિને ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, કોમર્સ, બીબીએ, બીસીએ કોલેજમાં કલા કૌશલ્ય ધારાનાં ઉપક્રમે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના ૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સર્જનશીલતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના વિજેતાઓઃ પ્રથમ-ભાલાની અનેરી, દ્વિતીય-વીરાવલ રાની, તૃતીય-પટેલ ભુમિકા રહયા હતાં. આ કાર્યક્રમના આયોજનમાં તમામ સ્ટાફમિત્રોએ સહકાર અઅપ્યો હતો. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ કલા કૌશલ્ય ધારા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ટ્રસ્ટ સંચાલિત શાળાના શિક્ષિકાબહેના નૈનાબેન કે. ચૌધરી તથા કમળાબેન યુ. પટેલ એ સેવા આપી હતી.

૨૫ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં ગુરૂપૂર્ણિમાં પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વકતૃત્વ અને ભજન, સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું.

૨૫ સંસ્થાના પ્રેરણામૂર્તિ પરમ પુજય સ્વામીશ્રી નારાયણસ્વરૂપ દાસજી સ્વામી, મેનેજીંગ ટ્રસ્ટી સ્વામીશ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, તથા ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજીએ સૌ તાલીમાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતે ગુરૂપુજન વિધિ કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના આદ્યસ્થાપક પ્રેરણામૂર્તિ ગુરૂવર્ય ગુરૂજીનું પુજન કરી, સૌએ શુભાશિષ મેળવ્યા હતા. આ શુભ પ્રસંગે ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરીયા સાહેબે ગુરૂજીનું ફુલહારથી સ્વાગત કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સંસ્થાની વિવિધ વિદ્યાશાખાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને સમાજના અગ્રગણ્યશ્રીઓએ ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે હાજરી આપી હતી. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના પ્રવચનમાં સૌને શુભકામનાઓ પાઠવી હતી. ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજીએ આ પ્રસંગે ગુરૂનું મહત્વ સમજાવી ગુરૂપૂર્ણિમાનું પાંપરિક મહત્વ સમજાવ્યું હતું. બી.એડ્. કોલેજના ઈ.આચાર્ય શ્રી ડૉ. કૌશલકુમાર એચ. પારેખ આ પ્રસંગે સંસ્થા સાથેના સંસ્મરણો અને જીવનમાં ગુરૂની ભૂમિકા વ્યકત કરી હતી. તથા સ્વામિનારાયણ કુલ ડે સાયન્સ સ્કુલના પ્રિ. દિપેશભાઈ પડશાલાએ સજીવ અને નિર્જીવ

ક્ષેત્રમાંથી ગુરૂત્વ મેળવી શકાય તેવી પ્રેરણા આપી હતી. બીજી સેશનમાં યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મલેક અરફાનાબેન, દ્વિતીય ક્રમ સ્વામી જયસ્વરૂપ દાસજી અને તૃતીય ક્રમે બાઘર શાહિનબેન રહયા હતા. ભજન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમ પટેલ અવની, દ્વિતીય ક્રમે ચૌઘરી હિનાબેન અતે તૃતીય ક્રમે પટેલ કૃતિબેન રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ગણેશભાઈ પટેલેએ કર્યું હતું. અંતમાં આભારવિધિ પ્રા. દિનેશભાઈ કાકડે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. ઉમરાળિયા ભાવિશાબેન અને સૌ તાલીમાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.




૨૫ તા. ૨૧-૭-૧૫ના રોજ 'પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધા'ના આયોજન દ્વારા વિદ્યાર્થીઓને પ્રવર્તમાન પર્યાવરણની અસરો અને પડકારો સમજાયા. આ સ્પર્ધાને આવકાર્ય રાખી કુલ ૨૭ વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજુ કર્યા. નિર્ણાયકો શ્રી અલ્પેશ કંસારા તથા ડૉ. પ્રતિક્ષા દેસાઈ એ પ્રથમ ક્રમે આસીતા મહેશ્વરી, દ્વિતીય ક્રમે વર્ષા શર્મા અને તૃતીય ક્રમે વિજયાલક્ષ્મી પાંડેને વિજેતા જાહેર કર્યા હતા. તા. ૨૩-૭-૧૫ના રોજ એસ.વાય.બી.કોમ.ના બેંકિંગ વિષયના વિદ્યાર્થીઓ મટે તેઓના અભ્યસક્રમ અનુરૂપ 'ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક'નાં આસી. જનરલ મેનેજર ડૉ. જતીન નાયક દ્વારા માહિતીસભર વ્યાખ્યાન અપાયું. સાહેબશ્રીએ વિદ્યાર્થીઓને બેંકિંગ કેરિયર અંગે પણ યોગ્ય જાણકારી આપી. તા. ૨૭-૭-૧૫ના રોજ કોલેજમાં પ્રથમવાર જ કાર્ટૂન મેકિંગ સ્પર્ધાનો અવનવો પ્રયોગ કરવામાં આવ્યો. વાણિજય અને કોમ્પ્યૂટરના વિદ્યાર્થીઓને આજના બહુ ચર્ચિત 'Animations'ને કેરિયર તરીકે વિચારવા તરફનો આ પ્રયાસ થયો છે, જેની થીમ હતી "ટ્રાફિક નિયમોનું પાલન'. પ્રથમ પ્રયોગ હોવા છતાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જેણે નિર્ણાયક તરીકેની સેવા બજાવી છે એ શ્રીમતી સનોબર પાજનીગરા છે, જેઓએ પ્રથમ ક્રમે જોષી સલોની, દ્વિતીય ક્રમે ગુપ્તા અન્નુ અને તૃતીય ક્રમે સીરવી પુજાને વિજેતા જાહેર કર્યા હતા. આ ત્રણેય કાર્યક્રમોના સફળ આયોજન પાછળ કોલેજના સ્ટાફ મિત્રો તથા આયોજક સમિતિના સભ્યો રહયા હતાં. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ વિદ્યાર્થીઓના ઉત્સાહને બીરદાવી આગામી વર્ષમાં વિવિધ ધારાઓ હેઠળ આયોજવામાં આવનાર પ્રવૃત્તિઓમાં આવાં જ ભાવની અપેક્ષા વ્યકત કરી છે.

## ઉજવણી

બી.જે. પટેલ ઓફ એજયુકેશન, બારડોલીમાં વર્ષ-૨૦૧૫-૧૬નો સત્રારંભ કાર્યક્રમ ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. દિપ પ્રાગટય કરી યુનિવર્સિટી ગીત રજૂ થયું હતું. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ મહેમાનોને આવકારી તેમનો પરિચય આપી શિક્ષક બનવા ઉત્સુક તાલીમાર્થીઓને તેમના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે શિક્ષકનો વ્યવસાય એ ઉમદા વ્યવસાય છે. તમે પણ એક ઉત્તમ શિક્ષક બની સમાજમાં પોતાનું યોગદાન આપો એવી શુભેચ્છા પાઠવી હતી. ત્યાર બાદ પ્રાસંગિક પ્રવચન રજૂ કરતા એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલ, બારડોલીના પ્રિ. ડૉ. દર્શનાબેન ધીવરે તાલીમાર્થીઓને જણાવ્યું હતું કે આ સંસ્થા શિક્ષક બનવા જઉ રહેલ તાલીમાર્થીઓને ઉત્તમ શિક્ષવ આપી રહી છે. આ પ્રસંગે ભારત એજયુકેશન ટ્રસ્ટના સભ્યશ્રી કશ્યપભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ પ્રા. ડૉ. કનુભાઈ સ્વાગીયાએ તથા સંચાલન પ્રા. કૌશિકભાઈ સોલંકીએ કર્યું હતું.

યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવેલ હોઈ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૭-૬-૧૫ના પરીપત્ર ક્રમાંકઃ- CHE/KCG/યોગ/૨૦૧૫/૧૧૮૩ અનુસાર તા. ૨૧-૫-૧૫ના રોજ શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બલીમોરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમની સવારે ૭.૦૦ કલાકે શરૂઆત થઈ હતી. સૌપ્રથમ શ્લોકગાન, શારીરિક આંગિક અવયવોના પ્રરિભ્રમણ માટે કસરત કરાવવામાં આવી ત્યાર બાદ યોગાસનનું મહત્વ સમજાવી તાડાસન, વૃક્ષાસન, અર્ધચક્રાસન, ત્રિકોણાસન, ભદ્રાસન, શશકાસન, વક્રાસન, ભુજંગાસન, મકરાસન, સવાસન, પવનમુકતાસન, સેતુબંધસર્વાગાસન જેવાં આસનો કરાવવામાં આવ્યા ત્યારબાદ આંતરિક અવયવોને કસરત મળે તેવી પ્રક્રિયા કપાલભાતિ પ્રાણાયમમાં સૌએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ઊંડા શ્વાસોચ્છવાસથી થતા ફાયદાઓ વિશે માહિતગાર થયા હતા. નાડીશોધન, પ્રાણાયામ અને ભ્રામરી પ્રાણાયમનો પણ યોગ સંદર્ભે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. યોગની તાલીમ યોગતજજ્ઞ એવા આચાર્ય ડૉ. કિશોરભાઈ આર. નાયકે આપી હતી. યોગના સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાનો શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ પણ જોડાયો હતો. કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપક ડૉ. વિનયભાઈ પટેલે કર્યું હતું.

તા. ૨૧-૬-૧૫ના રોજ વિશ્વ યોગદિનની ઉજવણી પ્રસંગે નૂતન કેળવણી મંડળ સંચાલિત કોલેજોએ સંસ્કાર કેન્દ્ર ખાતે યોગ દિનની સામૂહિક ઉજવણી કરી હતી. જેમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડનાં તમામ શૈક્ષણિક કર્મચારીઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ હાજર રહી સવારે ૭.૦૦ થી ૭.૩૩ કલાક સુધી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને માન આપી યોગાસનો-પ્રાણાયામો સમૂહમાં કર્યા હતા. કાર્યક્રમને અંતે સૌને યોગનાં મહત્ત્વની સમજ મળી હતી અને બી.કે.એમ. સાયન્સ કોલેજનાં આચાર્યશ્રીએ હાજર તમામને સંકલ્પ લેવડાવ્યા હતા.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાહન ધ્યાનમાં લઈ ૨૦ ગુજરાત બટાલિયન એન.સી.સી. નવસારીના નેજા હેઠળ શાહ એન.એચ. કોમર્સ કોલેજ તથા બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના એન.સી.સી. યુનિટ દ્વારા સંસ્કાર કેન્દ્ર હોલ ખાતે "આંતર રાષ્ટ્રીય યોગ દિવસ"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આસનો, પ્રણાયામ, ધ્યાનની ૧૫ કલાકની સઘન તાલીમ મેળવી ૨૧ જુનના રોજ સંસ્કાર કેન્દ્ર, વલસાડ ખાતે દમણ, તાપી, પારડી, ધરમપુર તથા વલસાડની શાળા કોલેજના કુલ ૨૬૫ એન.સી.સી. કેડેટસએ આંતર રાષ્ટ્રીય યોગ દિવસે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું વિડિયો શુટીંગ કરી સમયબધ્ધ અને અર્થપુર્ણ રીને ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૨૧ જૂન ૨૦૧૫ના રોજ "વિશ્વ યોગદિન" નિમિત્તે સી.એન. કોઠારી હોમિયોપેઝીક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં સામૂહિક યોગાભ્યાસનો કાર્યક્રમ આયોજીત થયો હતો. જેમાં યોગ શિક્ષક શ્રીમતિ ગીતાબેન ગાંધી દ્વારા યોગ વિશે સમજ આપી વિવિધ

આસનો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ પણ સામૂહિક યોગનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રીમતિ ગીતાબેન દ્વારા યોગને પોતાની દિનચર્યામાં શામિલ કરી તેના ફાયદાઓ વિશે જાણકારી અપાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન ડૉ. હીમા પંડયા તથા ડૉ. જે.જે. જૈન દ્વારા ડૉ. જયોનિ રાવ (પ્રિન્સીપાલ)ના માર્ગદર્શન હેઠળ થયેલ હતું. જેમાં ટ્રસ્ટી શ્રીમતિ અરૂણાબેન શાહનો સહકાર પ્રાપ્ત થયેલ છે.

- વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૩૧-૭-૧૫ના રોજ ગુરૂપૂર્ણિમાના રોજ ગુરૂપૂર્ણિમાં મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધીરજભાઈ પટેલ ઉપસ્થિત રહયાં હતા જેમનું શાલ ઓઢાડી અને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે આ પ્રસંગે ગુરુના મહત્વ અંગે પ્રવચન આપ્યું હતું. તાલીમાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ગુરુનો મહિમા દર્શાવતા કબીરના દોહા, નાટક, વકતવ્યો તથા પી.પી.ટી. રજૂ કરી હતી. આચાર્યશ્રી અરવિંદભાઈ ટાંકે અને પ્રા. પટેલ ફાલગુનીબેને પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી તાલીમાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પટેલ પ્રેક્ષા અને પટેલ આયુષીએ કર્યું હતું. અંતે આભારવિધિ તાલીમાર્થી પટેલ યાચનાએ કરી હતી.
- વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૧૩-૭-૧૫ થી ૨૫-૭-૧૫ દરમિયાન સુરત શહેર પોલિસ કમિશ્નર દ્વારા આયોજિત સ્ત્રીસશકિતકરણના એક ભાગરૂપે સ્ત્રીસંરક્ષણ તાલીમી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજની તમામ તાલીમાર્થી બહેનો અને સ્ટાફના સર્વે પ્રાધ્યાપક બહેનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પંદર દિવસીય તાલિમી કાર્યક્રમ રાહુલ ચાવડા સાહેબના માગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.
- શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડદોડ રોડ, સુરતમાં તા. ૩૧-૭-૧૫ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે 'ગુરૂપૂર્ણિમા'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મંગલમય પ્રાર્થનાની રજૂઆત કરી દીપ પ્રાગટય દ્વારા થઈ હતી. ત્યાર બાદ તાલીમાર્થી ભાઈઓ-બહેનો તરફથી ગુરૂનો મહિમા પ્રગટ કરતાં ભજન, ગીતો, વ્યાખ્યાન અને "સર્વ શ્રેષ્ઠ ધર્નુધારિ કોણ" નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી મનહરભાઈ ચૌહાણ ઉપસ્થિત રહયા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ ડામોર દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.
- વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં ટવેન્ટી ગુજરાત બટાલિયન એન.સી.સી. નવસારીના કમાન્ડીંગ ઓફિસર કર્નલ એસ.ડી. મહેતાએ તા. ૩૦-૭-૧૫ના રોજ સંસ્કાર કેન્દ્ર કોલેજ કેમ્પસ ખાતે પ્રથમ વર્ષ એન.સી.સી.માં જોડાવા માંગતા કોમર્સ કોલેજ તેમજ વિવિધ કોલેજના કુલ એકસો ત્રીસ જેટલા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને એન.સી.સી. સંચાલન, કાર્ય પ્રણાલિ, પર્સનાલીટી ડેવલપમેન્ટ તેમજ કેમ્પ, વિવિધ પ્રવૃત્તિઓ, સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે વિદ્યાર્થીઓને એન.સી.સી.માં જોડાવા માટે મોટીવેટ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ તેમજ તમામ સિનિયર એન.સી.સી. કેડેટ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. એમ.કે. પટેલે આટોપી હતી.

એસ.વાય.બી.કોમ. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા એન.સી.સી. કેડેટ થી યઝદ જહાંબક્ષ ચિનોય ધી નવસારી જીલ્લા રાયફલ એસોસિયેશન તેમજ ધી બીલીમોરા રાયફલ કલબ આયોજીત ચોત્રીસમી ગુજરાત રાજય ટ્રેપ શુટીંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અને દક્ષિણ ગુજરાત રાયફલ શુટીંગ તેમજ ટ્રેપ શુટીંગ સ્પર્ધામાં યુથ ઈવેન્ટમાં ટ્રેપ શુટીંગ, ૪૦મી રાયફલ શુટીંગ, ૨૫મી પીસ્તોલ, એર રાયફલ, ઈવેન્ટમાં ચંદ્રકો મેળવી કોલેજ તેમજ સમગ્ર પારસી સમાજનું ગૌરવ વધાર્યુ છે. યઝદ ચિનોય દ્વારા મેળવેલ વિશિષ્ટ સિધ્ધિ બદલ કોલેજના સંચાલક મંડળ, આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક તથા એન.સી.સી. ઓફિસર પ્રા. મુકેશભાઈ પટેલ એમની અદ્વિતીય સિધ્ધિ માટે અભિનંદન પાઠવે છે. સાથે જ ભવિષ્યમાં વધુ સિધ્ધિ હાંસલ કરે તે માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

- રાજય સરકાર પ્રેરિત "મહિલા સશકિતકરણ પખવાડિયા"ના પ્રોજેકટ અંતર્ગત તા. ૭-૮-૨૦૧૫ને શુક્રવારના દિવસે આ અર્થસભર કાર્યક્રમનો આરંભ સુંદર પ્રાર્થનાથી થયો હતો. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમના મુખ્ય વકતા અને વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના ઉપાચાર્ય શ્રીમતિ ડૉ. આશાબેન ભટ્ટનું પુસ્તક અને પુષ્પથી અભિવાદન કરી પ્રસ્તુત કાર્યક્રમની પૂર્વભૂમિકા અને અનિવાર્યતા સ્પષ્ટ કરી હતી. ખૂબ જ અસરકારક રીતે ડૉ. આશાબેને પ્રવર્તમાન સમાજના અસંતુલન, મહિલાઓની અસલામતિના મૂળભૂત કારણો, બહેનોનાં બાળપણથી નબળાં મનાંકનો, પ્રસિદ્ધ અને પુરુષાર્થી નારીરત્નોનો સ્વવિકાસ માટેનો ઉધમ, નારી સશકિતકરણ આડેના અવરોધો અને એન નિવારણ અંગેના ઉપાયો ઉપર મનનીય અને પ્રેરક પ્રવચન/માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ૮ થી ૧૦ બહેનોએ સંતોષકારક પ્રતિભાવ આપી સ્વવિકાસની પોતાની મથામણો વર્ણવી આજના કાર્યક્રમની અનિવાર્યતાને સમર્થન આપી ડૉ. આશાબેનને અને આવા ઉપકારક કાર્યક્રમો યોજવા માટે આચાર્યશ્રીને અભિનંદન પાઠવ્યા હતા. પ્રા.શ્રીમતિ રોશનીબેન પટેલે આભારવિધી કરી હતી.
- શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા દ્વારા તા. ૧૦-૮-૧૫ થી ૧૪-૮-૧૫ દરમ્યાન મહિલા સશકિતકરણ સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૧૦-૮-૧૫ સોમવારના રોજ "સ્ત્રી સ્વ-બચાવ" અંગેના કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં સ્વ-બચાવ અંગેની પ્રયુકિતઓ મહેમાનશ્રી કૃષ્ણેન્દુ સેન દ્વારા તાલીમાર્થી બહેનોને શીખવાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અનિલાબેન સોની દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજલત પ્રદેશ સંલગ્ન અમારી સંસ્થામાં તા. ૩૧-૭-૧૫ના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂપૂર્ણિમાં અંતર્ગત તાલીમાર્થીઓએ ગૂરૂપુજનના શ્લોકનું ગાન, સમુહભજન, દોહા તથા નાટક પ્રસ્તુત કર્યા હતા. તથા પ્રા. ડૉ. સુનિલદત્ત વ્યાસ તથા પ્રા. ડૉ. પ્રફુલ્લભાઈ મોગેરાએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. પ્રધાનાચાર્યશ્રી ડૉ. ભાવેશભાઈ રાવલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ઉપરાંત સંસ્થાના જોઈન્ટ ડાયરેકટરશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કાજલબેન તથા અક્ષયભાઈએ કર્યું હતું તથા આભારવિધિ પ્રા. હેતલબેન ડુમ્મસવાલાએ કરી હતી.

- બી.જે. પટેલ બી.એડ્. અને બી.સી.એ. કોલેજ, બારડોલીમાં વુમન સેલ અંતર્ગત મહિલા સશકિતના ભાગરૂપે મહિલા શિક્ષણ દિવસ નિમિત્તે એક રેલીનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલના નેતૃત્વ દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજય સરકાર દ્વારા તા. ૧-૮-૧૫ થી ૧૪-૮-૧૫ સુધી મહિલા સશકિતકરણ તરીકે પખવાડિયાની ઉજવણી થઈ હતી, ત્યારે કોલેજ દ્વારા તા. ૭-૮-૧૫ના રાજ મહિલા શિક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સૌ પ્રથમ કોલેજના પ્રા. ડૉ. મીનાબેન પરમારે મહિલા સશકિતકરણ વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું.

ત્યારબાદ સૌ અધ્યાપકો અને તાલીમાર્થીઓ ભેગા મળીને મહિલા સશકિતકરણ વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ સૌ અધ્યાપકો અને તાલીમાર્થીઓ ભેગા મળીને મહિલા સશકિતકરણને લગતા બેનરો અને બેટી બચાવો, બેટી પઢાવો અંગેની જન જાગૃતિ રેલી બારડોલીના રાજમાર્ગ પર કોલેજમાંથી પ્રસ્થાન કરાઈ હતી. આ રેલીમાં બેટી વધાવો, નારી તું નારાયણી, નારી શકિત મહાન શકિત, બેટી બચાવોગે નહીં તો બહુ કહાઁ સે લાઓગે, દિકરી નથી સાંપનો ભારો દિકરી છે તુલસીનો કયારો, નારી પર અગર હોગા અત્યાચાર સુખી ન હોગા ઘર પરિવાર, નારી દિવસ કા યે નારા હૈ જબ નારી મેં હૈ શકિત સારી ફિર નારી કયોં હૈ જેવા બેનરો રજુ કર્યા હતા.

તા. ૩૧-૭-૧૫ના રોજ ગુરૂપૂર્ણિમાનો દિવસ હોવાથી તાલીમાર્થીઓને સાચા અર્થમાં ગુરૂનું મહત્વ સમજાય તે હેતુથી કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆત ગુરૂને લગતી પ્રાર્થના દ્વારા થઈ હતી. ત્યારબાદ સૌ ગુરૂજનોનું પુસ્તકપુષ્પ તથા પુષ્પગુચ્છ આપી અને કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રા. દિનકરભાઈ ટંડેલે ગુરૂનું મહત્વ દર્શાવતુ વકતવ્ય ખૂબ સુંદર રીતે રજૂ કર્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા ગુરૂ વિશે ભજન, દોહા, સુવિચાર, વકતવ્ય, ગુરૂ-શિષ્ળા સંબંધના પ્રસંગો જેવી કૃતિઓ ઉત્સાહપૂર્વક રજૂ થઈ હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની સલોનીબેન ચાવડાએ તથા આભારવિધિ મમતાબેન રાજપૂતે રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા. પલ્લવીબેન પટેલે આપ્યું હતું.

અલુણાવ્રત નિમિત્તે કોલેજમાં મહેંદી સ્પર્ધા તથા બર્થ ડે કાર્ડ મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમક્રમે ગૌસ્વામી મિનાક્ષીબેન તથા બર્થ ડે કાર્ડ મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી મયંકભાઈ વિજેતા રહયા હતા. વિજેતાઓને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે સૌ અધ્યાપકોએ સેવા પૂરી પાડી હતી અને સમગ્ર આયોજન પ્રા. કૌશિકભાઈ સોલંકીએ કર્યું હતું.

તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત દિપજયોતિ કોલેજ ઓફ કોમર્સમાં તા. ૨-૭-૧૫ના રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાગાન દ્વારા કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના નિયામકશ્રી જાગૃતિબેન પંડયાએ વિદ્યાર્થીઓને આવકારી પોતાનું વકતવ્ય આપ્યું. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણ વિશે માર્ગદર્શન પૂરું પાડી તેમનું પ્રોત્સાહન વધાર્યું. ત્યારબાદ સંસ્થાના કોમર્સ વિભાગના તમામ પ્રાધ્યાપકોએ પોતાનો ટૂંકમાં પરિચય આપ્યો. અંતમાં સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે શિક્ષણનું સાચું મહત્વ શું છે, હાલના સમયમાં શિક્ષણનું મૂલ્ય, ભારતીય સભ્યતા તથા તેનો ઈતિહાસ જળવાઈ રહે તે માટે યોગ્ય સૂચનો આપ્યા. તેમણે પ્રત્યેક વિદ્યાર્થીને સ્વામી વિવેકાનંદના ઉદ્દેશો પોતાની જિંદગીમાં ઉતારી તેનો અમલ કરવાની સલાહ આપી. સમગ્ર કાર્યક્રમ અંગે સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા, નિયામકશ્રી જાગૃતિબેન પંડયા તથા સંસ્થાના સમગ્ર પ્રાધ્યાપકોએ પોતાનો સહયોગ આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરા પાડયા હતા. બીજી બેઠમાં બી.કોમ. વિભાગના પ્રાધ્યાપકો દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા દરેક વિષયનું ઓરીએન્ટેશન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો અંત સમૂહ રાષ્ટ્રગાન દ્વારા કરવામાં આવ્યો.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત "ઉધના કોલેજ તથા રોટરી સુરત (રીવર સાઈડ), સુરત રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે બારમાં રકતદાન શિબિરનું આયોજન તા. ૩૦-૭-૧૫ના રોજ ઉધના કોલેજમાં કરવામાં આવ્યું હતું. આ શિબિરના



ઉદ્‌ઘાટન પ્રસંગે ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટના સહમંત્રીશ્રી નરેશભાઈ શાહે હાજરી આપી વિદ્યાર્થીઓને રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ શિબિરમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં ૧૨૫ જેટલા યુનિટ રકતનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન રોટરી સુરત (રીવર સાઈડ)ના પ્રમુખ ડૉ. નિયતી કુલદીપ દેસાઈ, સેક્રેટરી શ્રીમતી અમીતા દેસાઈ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર્સ શ્રી તેજસ.આર. ઘડિયાળી તથા શ્રી પરીક્ષિત કે. ઈચ્છાપોરિયાએ કર્યું હતું.

## પ્રવેશોત્સવ

એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં આઠમો પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો. એમિટી સ્કૂલ (સી.બી.એસ.ઈ.) વિભાગના આચાર્યા શ્રીમતી રીના તિવારી કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડ શાહ, પ્રિન્સીપાલ ટ્રસ્ટીશ્રી પ્રમેશ મહેતા, નિયામકશ્રી પ્રકાશ મહેતા, એડમિનિસ્ટ્રેટર સરોજ રાણા ઉપસ્થિત રહ્યા હતા. ઈ.આચાર્ય કલ્પેશ પટેલે સર્વે પ્રશિક્ષણાર્થીઓનું મહેન્દ્ર મેઘાણી "ગાંધીજીની જીવનયાત્રા એમના શબ્દોમાં" પુસ્તક સ્મૃતિભેટ આપી સ્વાગત કર્યું હતું. નિયામકશ્રી પ્રકાશ મહેતએ પ્રશિક્ષણાર્થીઓને સંસ્થામાં અને શિક્ષકના વ્યવસાયમાં આવકાર્યા બાદ શિક્ષક ધર્મ અને વિદ્યાર્થી ધર્મની વિવિધ ઉદાહરણ સાથે સમજ આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષશ્રી રીનાબેન તિવારીએ તેમના વ્યાખ્યાનમાં શિક્ષકની ભૂમિકા અંગે દ્રશ્ય શ્રાવ્ય પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમાં તેમણે વર્ગખંડના પ્રત્યક્ષ અનુભવો ભાવિ શિક્ષકોને સમજાવ્યા હતા. વિવિધ ખ્યાતનામ શિક્ષકોના ઉદાહરણ આપી સફળ અને પ્રાણવાન શિક્ષક કેમ બનવું તે સમજાવ્યું હતું. વધુમાં તેમણે શિક્ષકના વિવિધ ગુણો જેવા કે આત્મવિશ્વાસ, નિર્ણય શકિત, કથન કૌશલ્ય, સર્જનાત્મકતાની ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડ શાહે ભાવી શિક્ષકોને સંસ્થામાં આવકારતા બે વર્ષના બી.એડ્. અભ્યાસ દરમ્યાન કોમ્પ્યુટર અને ઉત્તમ અંગ્રેજી શીખી ૨૧મી સદીના ટેક્નોસેવી શિક્ષક થવાની સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પારૂલ પટેલ, મહેમાનનો પરિચય પ્રા. ભાવના પુવાર, સ્વાગત પ્રવચન ઈ.આચાર્ય કલ્પેશ પટેલ અને આભાર દર્શન પ્રા. સંજય પટેલે કર્યું હતું.

## વૃક્ષારોપણ

તા. ૭-૭-૧૫ના દિન સપ્તધારા અંતર્ગત સામુદાયિક સેવાધારા પ્રવૃત્તિ હેઠળ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રકૃતિના ખોળે સોલધરા ગામના તળાવ કિનારે રમણીય વાતાવરણમાં ખાડા ખોદી વૃક્ષારોપણની ઉજવણી કરી હતી. સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે મધમાખી ઉછેર કેન્દ્રના સેવાભાવી શ્રી અશોકભાઈ પટેલ, શ્રી

ભગુભાઈ પટેલ અને શ્રી અશોકભાઈના ધર્મપત્ની અસ્મિતબેનનો પરિચય કરાવ્યો હતો. તળાવમાં નૌકાવિહાર કર્યા બાદ યજમાનશ્રી અશોકભાઈ, ભગુભાઈ અને ગામના યુવાનોએ મધમાખી ઉછેરકેન્દ્ર, સ્નેક શો તેમજ ઓષધિય છોડનો પરિચય કરાવ્યો હતો. પ્રકૃતિપ્રેમી શ્રી ભગુભાઈએ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયને વૃક્ષારોપણનું આમંત્રણ આપી તાલીમાર્થીઓને શ્રેષ્ઠ અધ્યાપન અનુભવો પૂરા પાડયાં હતાં. સંસ્થાના આચાર્ય ડૉ. કિશોરભાઈ, પ્રાધ્યાપકો ડૉ. મનસુખભાઈ અને ડૉ. કલ્પેશભાઈ પણ સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. કોલેજના તમામ ૫૦ તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં સહભાગી બની પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણ વૈવિધ્ય અંગે મળેલ પ્રત્યક્ષ નિદર્શન અને રસપ્રદ અનુભવોને જીંદગીના યાદગાર સંભારણા સમા ગણાવી આ કાર્યક્રમને મનભરી માણ્યો હતો.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તા. ૧૪-૬-૧૫ના રોજ યોજાયું હતું. સંમેલનની શરૂઆત ભૂતપૂર્વ વિદ્યાર્થીની નેહા પાંચાલની પ્રાર્થનાથી થઈ હતી. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ કોલેજની સિધ્ધિઓ તથા ઈતિહાસનો અહેવાલ આપ્યો હતો. ૧૯૬૯ના બેચના શ્રી ધીરૂભાઈ પટેલ તથા ૧૯૬૭ના બેચના શ્રી ઈશ્વરભાઈ પટેલ સંમેલનમાં હાજર રહ્યા હતા. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ભેગા થઈ કોલેજોને આગળ લઈ જવા હાકલ કરી હતી. કેમ્પસ ડિરેકટરશ્રી સુનિલભાઈ મરજાદીએ સંગઠનનું મહત્ત્વ સમજાવ્યું હતું. સેક્રેટરી પ્રો. અનિલભાઈ ગોયલે સંગઠનમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે અપીલ કરી હતી. આ પ્રસંગે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, યુનિવર્સિટીના મેનેજમેન્ટના વડા ડૉ. વિનોદભાઈ પટેલ, બેડમીંટન ખેલાડી પ્રિયાના પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. સુકેતુ દેસાઈએ સંગઠનને રૂા. ૨૧,૦૦૦/- તથા શ્રી ઈશ્વરભાઈ પટેલે રૂા. ૧૧,૧૧૧/- ના માતબર રકમની દાન કરી હતી. સંમેલનમાં ભાગ લેવા માટે મુંબઈથી વડોદરા સુધીના ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ ડૉ. ટી.જી. ગોહીલે કરી હતી. સંચાલન પ્રો. તુષારભાઈ દેસાઈ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી હેમલ શાહે કર્યું. કાર્યક્રમ બાદ સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજની મુલાકાત લઈ જુના સંસ્મરણોને યાદ કર્યા હતા.

## Women empowerment

The initiative of the Chief Minister of Gujarat Mrs. Anandiben Patel of Women Empowerment has seen a wonderful success at implementation of various programs in various institutions across Gujarat. The Gujarat Police has supported the initiative by providing self defense training to female students of various colleges in a tie up with Rama Martial Arts Group. Our college UCCC & SP13C13A & UACCAIT College had enrolled 60 students in the~ academic year 2014-15 for the training. Many of the students took up advance training and achieved black belt grade also. The students are now as enrolled as trainers of self defense. In the year 2015-16 also our college continued its partnership with the Police Department of Surat and provided training to 60 students under Rama Martial Arts group. In this time when the society wishes to see its female citizens to be independent and self reliant, the initiative has proved to be a very important source of knowledge and guidance. The training has helped many students to be smart and fearless and manage their individual responsibilities effectively. The top performers of the training were awarded certificates. The concluding programme saw the presence of Udhna Police Station PI Mr. B.S. Mori who appreciated the initiative of the college as well as its students. The college and its management must be applauded for its various activities which suit the demand of the times.

## આરોગ્ય

અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાનના ટ્રસ્ટી અને રોટરી આઈ હોસ્પિટલ નવસારીના મંત્રી સ્વ. વિરલભાઈ (રામભાઈ) પુરોહિતની તા. ૧-૭-૧૫ના રોજ પ્રથમ પૂણ્યતિથિ તથા વિશ્વ ડૉક્ટર ડે નિમિત્તે સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર સંલગ્ન કાળીદાસ, હીમોગ્લોબીન અને બ્લડગ્રુપની લેબોરેટરી તપાસ વિનામૂલ્યે કરવામાં આવી હતી. આ કેમ્પસમાં કોલેજના પ્રિ. ડૉ. જયોતિ રાવ તથા ડૉ. હીમા પંડયાએ બધા બાળકોના આરોગ્યની તપાસ કરી તથા હોમિયોપેથીક દવા વિનામૂલ્યે આપી. હોસ્પિટલના લેબટેકનીશીયન શ્રીમતિ સાધના શર્મા અને કુ. અવનિ શાહે લેબોરેટરીની સેવા આપી હતી. કોલેજના ચોથા વર્ષના વિદ્યાર્થીઓ તથા ઈર્ન્ટની વિદ્યાર્થીઓએ સુંદર કામગીરી કરી હતી. શાખ તથા આંગણવાડીના બાળકોને પારલે જી બીસ્કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પસનું આયોજન કોલેજના પ્રિ. ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કેમ્પસ એડમીનીસ્ટ્રેટર શ્રી દક્ષેશભાઈ શાહ, ડૉ. પિયુશ ગુજરાતી તથા શ્રી શૈલેષભાઈ દેસાઈએ કર્યું હતું. પ્રાથમિક શાળાના શિક્ષકગણનો સક્રિય સહકાર મળ્યો.

## એન.સી.સી.

૨૦ ગુજરાત બટાલીયન NCC નવસારીનો CATC કેમ્પ નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે યોજાયો હતો. જેમાં વિવિધ કોલેજોના ૫૦૦ જેટલા NCC કેડેટ્સે ભાગ લીધો હતો. જેમાં બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના કેડેટ પટેલ દિવ્યા એચ. ને બેસ્ટ ડ્રીલ અને કેડેટ SQM નો ગોલ્ડ મેડલ મળ્યો હતો. તેમણે કોલેજની સફળ લીડરશીપ કરી. આ ઉપરાંત કેડેટ રોહિત ખ્યાતિ સી.ને બેસ્ટ ફાયટરનો ગોલ્ડ મેડલ મળ્યો હતો. કોલેજની NCC ટીમ વોલીબોલ સ્પર્ધામાં પણ પ્રથમક્રમે રહી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com